વડોદરા જીલ્લાં સર્વોદય સેવા મંડળ સંસ્થા સંચાલિત આશ્રમશાળા, મુ.ખટંબા, તા.જી.વડોદરાને ધોરણ-૮ના વર્ગની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૫/૯૨૦-પાર્ટફાઇલ/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.30/0૭/૨૦૧૬

**વંચાણે લીધા :-**

૧. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૮/0૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ/આશા/0૨/ ફા.નં.૧૯૮3/૨૦૧૬/૧૫૯૨
૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા.0૭/0૭/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક .અમશ-૧૫૧0-મં-3/ઘ
3. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૪/0૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક .અમશ-૧૫૧0-મં-3/ઘ
૪. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧3/૧0/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૧0/મં.3/ઘ
૫. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૧૨/૨૦૧૪નો સુધારા ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૧0/મં.3/ઘ

**પ્રસ્તાવના:-**

ભારત સરકારના બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦0૯ હેઠળ ભારત સરકાર દ્વારા વર્ષ ૬ થી ૧૪ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) થી ૬૨ આશ્રમશાળાઓમાં ધો-૮ ના વર્ગ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા ક્રમાંક (૪) ના ઠરાવથી અંતરિયાળ વિસ્તારમાં આવેલી 3૬૫ આશ્રમશાળાઓમાં ધો-૮નો વર્ગ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૧) થી વડોદરા જીલ્લા સર્વોદય સેવા મંડળ સંસ્થા સંચાલિત આશ્રમશાળા, મુ.ખટંબા. તા.જી.વડોદરાને ધોરણ-૮ના વર્ગની મંજુરી આપવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ.

વિભાગના તા.૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવથી અંતરિયાળ વિસ્તારમાં આવેલી આશ્રમશાળાઓને ધોરણ-૮નો વર્ગ મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અનુસાર ૩૬૫ + ૬૨ = ૪૨૭ આશ્રમશાળામાં ધોરણ-૮ના વર્ગ શરૂ કરવામાં આવેલ છે. જે તે સમયે જિલ્લા અધિકારી તરફથી આ અંગેની ભલામણ મળેલ ન હોઈ વડોદરા જીલ્લા સર્વોદય સેવા મંડળ સંસ્થા સંચાલિત આશ્રમશાળા, મુ.ખટંબા, તા.જી.વડોદરાને ધોરણ-૮ના વર્ગની મંજૂરી આપવામાં આવેલ ન હતી. જેથી સંસ્થા દ્વારા નામ.હાઈકોર્ટમાં સી.એ.નં.૫૨૭૨/૨૦૧૬ ઈન એસ.સી.એ. ૧૬૫૭૩/૨૦૧૩ દાખલ કરેલ.

આ સંદર્ભે નામ.હાઈકોર્ટે તા.૨૬/૦૭/૨૦૧૬ની સુનાવણીમાં કરેલ ઓબ્જર્વેશન મુજબ અને સરકારી વકીલશ્રીના તા.૨૭/૦૭/૨૦૧૬ના પત્રના અભિપ્રાય અન્વયે પીટીશનરની રજુઆત અને નામ.હાઇકોર્ટના ઓબ્જર્વેશન અનુસાર કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તરફથી પીટીશનર સંસ્થાના ધોરણ-૮નો વર્ગ મંજુર કરવા પુનઃ વિચારણા અર્થે મળેલ દરખાસ્તમાં જણાવ્યાં મુજબ આ આશ્રમશાળામાં અભ્યાસ કરતાં બાળકો છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના અંતરીયાળ વિસ્તારના છે. ૨૦૧૬-૧૭ માં આ આશ્રમશાળામાં ૧૨૨ બાળકોનો પ્રવેશ આપવામાં આવેલ છે. આ આશ્રમશાળાથી પાંચ કિ.મી.ની ત્રિજ્યામાં અન્ય કોઈ આશ્રમશાળા આવેલ નથી. ધોરણ-૮ના વર્ગ માટે વધારાના વર્ગખંડ, છાત્રનિવાસ અને સેનીટેશનની પુરતી વ્યવસ્થા છે. આમ પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ**:-

વડોદરા જીલ્લા સર્વોદય સેવા મંડળ સંસ્થા સંચાલિત આશ્રમશાળા, મુ.ખટંબા, તા.જી.વડોદરાને ચાલુ વર્ષે નિભાવ ગ્રાન્ટ ચૂકવવા સહિત ધોરણ-૮ નો વર્ગ માન્ય સંખ્યા ૩૦ રહે તે રીતે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

(૧) શિક્ષકની જગ્યા અંગે આગામી નાણાકીય વર્ષે નવી બાબત તરીકે દરખાસ્ત કરવાની રહેશે.

(૨) આશ્રમશાળાઓમાં ધોરણ-૮ના મંજૂર થયેલા વર્ગોની હાજરી તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિ અંગે જરૂરી સમીક્ષા કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૩૦/૦૭/૨૦૧૬ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સરકારી વકીલશ્રી, કાયદા ભવન, સોલા હાઈકોર્ટ, અમદાવાદ.
- આશ્રમશાળા અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ.છોટાઉદેપુર.
- પ્રમુખશ્રી, સર્વોદય સેવા મંડળ, મુ.ખટંબા, તા.જિ.વડોદરા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય , ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2014-15\આશ્રમશાળા ખટંબામાં ધો-૮ની મંજુરી આપવા બબત.docx